ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૪ ટકા

ગાંધીનગર તાપમાન

# છૂટછાટ વધતા બજારમાં વધતી ચહલપહલ

## સાંજે ૬ વાગ્યા સુધી દુકાનોને ચાલુ રાખવાની છૂટ મળતા બજારોમાં રોનક જોવા મળી રહી છે : જો કે હજુ અગાઉ જેવી ઘરાકીની રાહ જોતા દુકાનદારો

ગાંધીનગર, તા.૬

કોરોના સંક્રમણ કાબુમાં આવતા રાજય સરકાર દ્વારા વધુ છૂટછાટ આપવામાં આવી છે. છ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાની છૂટ મળતા બજારોમાં ચહલપહલ વધી છે. જો કે હજુ વધુ ઘરાકીની રાહ જોવાય છે.

માર્ચ અને એપ્રિલ માસમાં સમગ્ર દેશની સાથે જ સમગ્રરાજયમાં કોરોનાના કેસમાં ધરખમ વધારો થયો હતો. રાજયમાં દરરોજ હજારોની સંખ્યામાં કોરોનાના કેસ નોંધાતા હતા. જો કે મે માસથી કોરોનાના સંક્રમણમાં ઘટાડો શરૂ થયો છે. તે પછી છેલ્લા પંદર દિવસથી કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો નોંધાયો હતો. કેસોમાં ઘટાડો નોંધાતા રાજય સરકાર દ્વારા છૂટછાટો આપવાનો પ્રારંભ કરાયો હતો. દુકાનોને પહેલા ત્રણ વાગ્યા સુધી અને હવે સાંજે છ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. લગભગ મહિના-દોઢ મહિના સુધી બંધ રહ્યા બાદ દુકાનો

ખુલતા વેપારીઓમાં નવી આશા બંધાઈ છે. ગ્રાહકોને પણ રાહત થઈ છે.

દુકાનો અને શોપીંગ સેન્ટરો ખુલતા ધીમે ધીમે બજારોમાં ચહલપહલ વધી છે. ગ્રાહકો બજારોમાં આવતા થયા છે. ઘણા દિવસો સુધી મુલત્વી રાખેલી ખરીદી ગ્રાહકોએ શરૂ કરતાં બજારોમાં ઘરાકો આવતા થયા છે. સેકટર-૨૧, સેકટર-૨૨, સેકટર-૨૧ અને સેકટર-૭ના બજારમાં ધીમે ધીમે અવરજવર જોવા મળી રહી છે. સાંજે ૬ વાગ્યા સુધી બજારો ચાલુ રહેતા હોવાથી વસાહતીઓ મોટે ભાગે બપોરે જ ખરીદી પતાવી દે છે. ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી ઘરાકો ખરીદી કરવા શહેરમાં આવી રહ્યા છે. જો કે હજુ અગાઉ જેવી ઘરાકી ન હોવાનું દુકાનદારો કહી રહ્યા છે. પરંતુ દુકાનદારોને આશા છે કે આગામી દિવસોમાં ઘરાકી વધશે. હાલમાં લગ્નગાળાની ખરીદી ધીમે ધીમે શરૂ થઈ છે.

## જન્મદિને વધામણી

દિલીપભાઈ રમેશચંદ્ર રાવલ
વાસ્તુશાસ્ત્રી
મો. ૯૯૨૪૬ ૧૮૯૫૧

હિરલ પટેલ
પોસ્ટલ, આસિસ્ટન્ટ

સમય સ્વામી
મો. ૭૦૧૬૯ ૦૫૭૬૬

ચિરાગ હસમુખભાઈ ઠાકોર

# નકલી નોટ પ્રકરણમાં મુખ્ય આરોપીની મહિલા મિત્ર ઝડપાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર વિજાપુર માર્ગપર ગ્રામભારતી પાસે ૩૦ લાખની નકલી નોટો સાથે સરગાસણ ખાતે રહેતા સંતોષ રાવળ નામના શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે આરોપીના ઘરની તપાસ કરતાં બીજા ૨૩ લાખ રૂપિયાની નકલી મોટો મળી આવી હતી. પોલીસે આ નકલી નોટ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર સંતોષ રાવળની ઝીણવટપૂર્વક તપાસ કરતાં આ રેકેટમાં સરગાસણ ખાતે રહેતી મહિલા મિત્રની ભૂમિકા પણ સામે આવી હોવાથી પોલીસે આ મહિલા મિત્રને પણ ઝડપી લીધી છે. સરગાસણ ખાતે મકાનમાં આધુનિક ઉપકરણોની મદદથી નકલી નોટો છાપવામાં આવતી હતી. સંતોષ રાવળ નોટો છાપવા માટે કાગળ લાવતો હતો અને મહિલા મિત્ર

જુદા જુદા દરની નોટોની સાઈઝ મુજબ કટીંગ કરતી હતી.

આ નોટ પ્રકરણમાં પોલીસે કડકાઈથી પૂછપરછ કરતાં સંતોષ ભાંગી પડયો હતો. નકલી નોટ પ્રકરણમાં તેની મહિલા મિત્ર પણ સંડોવાયેલ હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે સરગાસણ પ્રમુખનગર ફલેટ એ-૩૦૪ ખાતે રહેતી વૈશાલી રાઘવજીભાઈ દેવજીભાઈ પટેલ (ચૌધરી)ના ઘરે ત્રાટકી તેને પણ ઝડપી લીધી હતી. વૈશાલી સાબરકાંઠાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામની વતની છે અને તેના છૂટાછેડા થઈ ચુકયા છે. વૈશાલીને બાર વર્ષનો દિકરો છે. પાંચ વર્ષ પહેલાં જ વૈશાલી સંતોષના સંપર્કમાં આવી હતી. સંતોષ રાવળે તેને સરગાસણમાં ફલેટ ભાડે અપાવ્યો હતો. નકલી નોટ છાપવા માટે સંતોષ કાગળ લાવતો હતો અને તેને વૈશાલી જુદા જુદા દરની સાઈઝ મુજબ કાગળ કટીંગ કરતી હતી.

પોલીસે આ નકલી નોટ પ્રકરણ મુદ્દે આ મહિલાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે નકલી નોટ છાપ્યા બાદ સંતોષ રાવળ નોટ માણસા નજીક ખડાસ ગામે મૂકવા માટે જતો હતો તે સમયે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દરજી મીનાબેન અશોકભાઈ,** ઉ.વ. ૫૮, સેકટર-૨૪
- **સ્વ. ઠાકોર રૂખિબેન રામસંગજી,** ઉ.વ. ૫૭, ભાટ
- **સ્વ. ઝાલા જસવંતસિંહ સુરસિંહ,** ઉ.વ. ૬૧, કડજોદરા, દહેગામ
- **સ્વ. ગાંધી આસુમતી સુંદરલાલ,** ઉ.વ. ૯૦, સેકટર-૨૨
- **સ્વ. ચાવડા છત્રસિંહ દાજીજી,** ઉ.વ. ૭૫, રંગપુર

# દિવંગત મિડીયાકર્મીઓના આત્માની શાંતિ અર્થે શ્રધ્ધાંજલી સભા યોજાઇ

ગાંધીનગર, તા.૬

સમગ્ર વિશ્વમાં કાળો કેર વર્તાવનાર કોરોના સંક્રમણના કહેરે ગાંધીનગરના મિડીયા ક્ષેત્રને પણ પોતાની ઝપટમાં લઈ લીધુ હતું. ગાંધીનગરના મિડીયા ક્ષેત્ર સાથે સંકળાયેલ કેટલાક મિડીયાકર્મીઓ તેમજ કેટલાક મિડીયાકર્મીઓના પારિવારિક સ્વજનો આ કાળમુખા કોરોનાનો કોળિયો થઈ જવા પામ્યા છે જેમના દિવંગત આત્માને સદગતિ અને શાંતિ મળે તે હેતુથી આજે તારીખ ૬ જુન ૨૦૨૧, રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગરના સેકટર-૧૧માં અખબાર ભવન ખાતે શ્રધ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી.

ગાંધીનગરના પત્રકારો કોરોના મહામારીમાં પણ પોતાના જીવની પરવા કર્યા વગર કાર્યરત રહીને પ્રજાને આ મહામારીની પળેપળની ખબર આપતા રહ્યા છે અને જ્યાં કોઈ ખોટું થઈ રહ્યું હોય તો તેને જનતા સમક્ષ લાવતા રહ્યા છે, જ્યાં જરૂર પડી ત્યાં તંત્રનો કાન પણ આમળ્યો છે અને જ્યારે કોઈ સારી બાબત જણાઈ ત્યાં તેને પ્રસિદ્ધિ આપીને પ્રસંશા પણ કરી છે. પ્રજાને સતત મહામારીથી જાગૃત કરવા સાથે પરિસ્થિતિની ગંભીરતા સમજાવી છે અને તે સાથે વહીવટી તંત્રને તેની નજર બહાર રહી જતી ચૂક અંગે પણ ધ્યાન દોર્યું છે. જો કે આ જોખમી કોરોના કાળના સમયમાં જ્યારે નાગરિકો પોતાના લોકડાઉનમાં પોતાના ઘરમાં સુરક્ષિત હતા ત્યારે સતત હિંમતપૂર્વક ખડે પગે પોતાની ફરજ નિભાવવામાં પાટનગરના પત્રકારોએ પાછીપાની નથી કરી જેના ફળસ્વરૂપે ગાંધીનગરના અખબારી આલમ અને મિડીયા ક્ષેત્રે સંકળાયેલા કેટલાક હોનહાર વરિષ્ઠ પત્રકારો અને યુવા મિડીયાકર્મીઓ આ મહામારીનો ભોગ બની પોતાનું જીવન ગુમાવી બેઠા છે. આજે ગાંધીનગરના અખબાર ભવન ખાતે યોજાયેલી શ્રધ્ધાંજલિ સભામાં પાટનગર ટુડેના પત્રકાર સ્વ, શારદાબેન શુક્લ, તરાંપ દૈનિકના તંત્રી સ્વ. અનિરુદ્ધસિંહ ઝાલા, ગાંધીનગર ગેલેક્ષીના તંત્રી સ્વ.કીર્તિકુમાર ઠક્કર, પ્રેસ ફોટોગ્રાફર સ્વ. હિરેનભાઈ રાવલ સહિત અનેક મિડીયાકર્મીઓના પારિવારિક સ્વજનોનું પણ આ મહામારી દરમ્યાન દુઃખદ અવસાન થવા પામ્યું છે જેને અનુલક્ષીને તેમના દિવંગત આત્માને સદગતિ અને શાંતિ મળે તે હેતુથી પ્રાર્થના કરવામાં આવી હતી. આ શ્રધ્ધાંજલિ સભા દરમ્યાન સરકારની ગાઈડલાઈન અનુસાર સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા સહીત માસ્ક પણ ફરજીયાત પાલન કરવામાં આવ્યું હતું.

# શહેરમાં વિશ્વ પર્યાવરણ દિને વૃક્ષારોપણ સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા

●●●

**જેએમપી ગોપાલક કન્યા વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ**

જેએમપી ગોપાલક વિદ્યાસંકુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે શાળાના પ્રાંગણમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ અને પ્રકાશભાઈ વાઘેલા દ્વારા

વિવિધ પ્રકારના રોપા વાવીને પર્યાવરણનું જતન કરવા માટેનો સંકલ્પ લીધો હતો અને શાળાના શિક્ષકમિત્રોને પણ આ પ્રકારના પર્યાવરણના જતન કરવા માટેના કાર્ય કરવા પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

●●●

**રાંધેજાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વેબિનાર યોજાયો**

ગાંધીનગર જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા સેવા સંસ્થા, અમદાવાદના સહયોગથી "વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે રાજયકક્ષાના વેબીનાર યોજવામાં આવેલ. આ વેબીનારમાં મુખ્ય અતિથી તરીકે દાંતીવાડા કૃષિ મહાવિદ્યાલયના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો વી.ટી.પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કેન્દ્રના વડા ડો વી.કે.ગર્ગ અને બી.આર.સોલંકી કે જેઓ નિવૃત સહાયક વન સંરક્ષક તરીકે ગાંધીનગરમાં ફરજ બજાવેલ તેઓએ વૃક્ષોનું અને ઓકસીજનનું માનવ જીવનમાં મહત્વ તેમજ હવા, પાણી, જમીન, અન્ન અને ઉર્જા જેવા કુદરતી સ્રોતોના કાર્યક્ષમ અને વિવિક્પૂર્ણ ઉપયોગ બાબતે શ્રોતાઓને ખુબ સરસ માર્ગદર્શન આપ્યું હતું. દાંતીવાડા કૃષિ મહાવિદ્યાલયના મદદનીશ પ્રાધ્યાપક ડો. નીશીત સોની દ્વારા જૈવ વૈવિધ્યતા અને તેની જાળવણી વિષય પર પ્રેઝન્ટેશન દ્વારા વક્તવ્ય આપવામાં આવેલ. આ સમગ્ર વેબીનારનું સંચાલન કેવિકે રાંધેજાના વિષય નિષ્ણાત ભરત હડિયા અને સેવા સંસ્થા અમદાવાદના સેવા સંગઠક મેઘાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

●●●

**શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ દ્વારા વૃક્ષારોપણની પહેલ**

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ભાટ દ્વારા ઓનલાઈન શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને એક એક વૃક્ષ વાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

દરેક વિદ્યાર્થી વૃક્ષ વાવી તેના ફોટા કે વિડીયો કોલેજમાં અપલોડ કરાવશે અને વાવેલા વૃક્ષનું જતન કરશે.

આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર તથા આચાર્ય અને સ્ટાફ મિત્રોએ સંસ્થાના પટાગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. ત્યારબાદ ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે પોતાની આસપાસના વૃક્ષોના જતન અંગે ઓનલાઈન પ્રતિજ્ઞા લીધી હતી.

●●●

**કામધેનુ યુનિવર્સિટી ખાતે કાર્બન ફૂટપ્રિન્ટ પર વેબિનાર યોજાયો**

કામધેનુ યુનિવર્સિટી કર્મયોગી ભવન, ગાંધીનગર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ પ્રસંગે "કાર્બન ફૂટપ્રિન્ટ" વિષય પર ઓનલાઈન વેબીનાર યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિ ડૉ.એન.એચ. કેલાવાલાએ જણાવ્યુ કે, વૈશ્વિક પર્યાવરણની સ્થિરતા માટે મનુષ્યએ લાંબાગાળાના લક્ષ્યો, અસરકારક વ્યૂહરચના અને નીતિનું યોગ્ય અમલીકરણ થાય તે આજના સમયની આવશ્યકતા છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન એન. એન. માધુ, જોઈન્ટ કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત ઉપસ્થિત રહી પર્યાવરણ દિવસ વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યુ કે પૃથ્વી પર કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધવાને કારણે પૃથ્વીના તાપમાનમાં પ્રતિવર્ષ નોંધપાત્ર વધારો થઈ રહેલ છે. કાર્યક્રમના મુખ્ય વક્તા પાર્થેશભાઈ પંડ્યા આઈટુવી ફાઉન્ડેશનના ચીફ ઓપરેટીંગ ઓફિસરે વધુ માહિતી આપી હતી. વધુમાં તેઓએ સૌને દૈનિક જીવનમાં આવશ્યક ફેરફારો કરી કાર્બન ઉત્સર્જનની સહ્ભાગીતામાં ઘટાડો કરવા અનુરોધ કર્યો હતો.

●●●

**ગુજકોસ્ટ અને 'જેડા'ની પર્યાવરણ દિને વર્ચ્યુઅલ ઉજવણી**

તંદુરસ્તી અને માનવીઓના આરોગ્યને ધ્યાનમાં રાખતા સંયુક્ત રાષ્ટ્રસંઘે ચાલુ વર્ષના વિશ્વ પર્યાવરણ દિનની રિઈમેજિન, રિક્રિયેટ, રિસ્ટોર થીમ ડિઝાઈન કરવામાં આવી હતી. આ સંદર્ભમાં ગુજરાત સરકારના ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના સહયોગથી ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ (જેડા) અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા અર્થપૂર્ણ રીતે રાજયમાં પ્રાથમિક, સેકંડરી અને ઉચ્ચતર શાળના વિદ્યાર્થીઓ સાથે વિશ્વ પર્યાવરણ દિન-૨૦૨૧ની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સુરક્ષાની થીમ પર પોસ્ટર-ડ્રોઈંગ સ્પર્ધા અને નિબંધ લેખન યોજવામાં આવી છે જે અંતર્ગત વિવધ કેટેગરીના શાળાના બાળકો તેમના જે તે સ્થળેથી યોગ્ય નિબંધનું લેખન-પેઈન્ટ કે ડ્રોઈંગ કરી શકે છે અને તેને ડિજીટલ સ્વરૂપમાં ઈમેઈલ કે વ્હોટ્સએપ પર ગુજકોસ્ટને સુપરત કરી શકે છે. ગુજકોસ્ટે સર્જનાત્મક લેખન અને પેઈન્ટીંગ્સનું મૂલ્યાંકન કરવા અને ઈનામો અને સર્ટીફિકેટ માટે વિવિધ કેટેગરીમાં મેરીટ લિસ્ટ તૈયાર કરવા માટે જીસીઈઆરટી, ગીર ફાઉન્ડેશન, આઈઆઈટીઈ, જેડા, ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ અને, જીએસબીટઈએમના અનેક રિસોર્સ પર્સન્સ અને સાયંટિફિક જયુરી સભ્યોને રોક્યા છે. ભાગ લેતા દરેક વિદ્યાર્થીઓને ડિજીટલ ફોરમેટમાં ભાગ લેવા માટે સર્ટીફિકેટ આપવામાં આવશે. ગુજકોસ્ટને રાજયના વિવિધ જિલ્લાઓમાંથી તેમજ દેશના અન્ય ભાગોમાંથી કુલ ૧૨૦૨ જેટલા રજિસ્ટ્રેશન્સ મળ્યા હતા. આ અંગે તા.૫મી જુને વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો હતો તેમજ પરિણામોની જાહેરાત તા.૭મી જૂનના રોજ ગુજકોસ્ટની વેબસાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે.

●●●

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના વિશ્વ પર્યાવરણ દિને વિવિધ કાર્યક્રમો**

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાંધીનગર ખાતેની પ્રાદેશિક કચેરી દ્વારા વિશ્વ પર્યાવરણ દિને શહેરમાં વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા જે અંતર્ગત કચેરીના પ્રાંગણમાં, સે.૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે અને સે.૨૮માં દત્ત મંદિર ખાતે વૃક્ષારોપણ ઉપરાંત કચેરી ખાતેથી પર્યાવરણ જાગૃતિ સંદર્ભે વેબિનાર યોજવામા આવ્યો હતો.

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતેના વૃક્ષારોપણમાં શહેરના વ્યક્તિવિશેષ અને વિધાર્થીઓ સાથે તુલસીના છોડ વાવવામાં આવેલ તથા સોશિયલ માધ્યમ વેબિનારના માધ્યમથી વિધાર્થીઓ, ઔધોગિક એકમોના પ્રતિનિધિઓ,શાળાઓના શિક્ષકો,એન.જી.ઓ. અને શહેરના લોકોને આ કાર્યક્રમમાં સાંકળી લેવામાં આવ્યા હતા. આ વેબિનારમાં પ્રાદેશિક અધિકારી ડી.સી.વંકાણી, જીપીસીબીના પુર્વ લોક સંપર્ક અધિકારી નરેશ ઠાકર અને નિસર્ગ સાયન્સ સેન્ટર પ્રાયોજક અનિલભાઈ પટેલે સંબોધન કરી પર્યાવરણ જાગૃતિ અંગે માર્ગદર્શન આપ્યું હતુ. સે.૨૮માં દત્તમંદિરે ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મનપાના કમિશનર સહિત પ્રાદેશિક અધિકારી ડી.સી.વંકાણીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ અંતર્ગત તુલસીના છોડ વાવવામાં આવ્યાં હતા. આ ઉપરાંત જીપીસીબીની ઓફીસના પ્રાંગણમાં પ્રાદેશિક અધિકારી તથા સ્ટાફ દ્વારા ૧૦૮ તુલસીના છોડ રોપવામાં આવ્યા હતા. અન્ય એક કાર્યક્રમમાં પ્રાદેશિક કચેરીના ટેકનિકલ સ્ટાફ દ્વારા જીલ્લાની હોસ્પિટલોમાં કોરોના વોરિયર્સ, ડોક્ટર અને પેરા મેડિકલ સ્ટાફને સાથે રાખીને વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમજ જુદા જુદા ઔધોગિક એકમોમાં પણ ઔધોગિક પ્રતિનિધિઓ સાથે તુલસીના છોડની સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યું હતુ. આ સાથે બોર્ડની વડી કચેરીથી આયોજિત વેબિનારમાં પણ મોટી સંખ્યામાં નાગરિકો, ઔધોગિક એકમોના પ્રતિનિધિઓ, એશોસીએશન અને વિધાર્થીઓને સાંકળી લેવામાં આવ્યા હતા.

●●●

**સે-૧૫ સાયન્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ યોજાયું**

સેકટર-૧૫માં સરકારી સાયન્સ કોલેજમાં વૃક્ષોરોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાયર એજયુકેશનના જોઈન્ટ કમીશનર નારાયણ મધુ કોલેજના આચાર્ય તેમજ સ્ટાફ સહીત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી**

'ઓલ ગ્રીન્સ ફાઉન્ડેશન' અમદાવાદના સહકારથી બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજી વિશ્વ પર્યાવરણ

દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેકટર પ્રો. રવિકમાર, ઓલ ગ્રીન્સ ફાઉન્ડેશનના ડાયરેકટર નેહા શાહ, મેમ્બર હિમાલિ સરૈયા, કોલેજના એનસીસીના ઈન્ચાર્જ લેફટનન્ટ ડૉ. રસિક તન્ના, પ્રો. જયદીપ વાઘેલા વગેરે હાજર રહ્યા હતા.